
# Veer Narmad South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**

सत्यम् ज्ञानम् अनन्तम्

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT



# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

**Vol.2, Issue. 19, December 2019**


For Private Circulation Only



આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ




Dr. Shivendra Gupta
Vice-Chancellor



# યુનિવર્સિટી ન્યૂઝ

## ડૉ. બી.આર.આંબેડકર ચેર અને શિક્ષણ વિભાગ

### "આંબેડકર નિર્વાણ દિવસ"ની ઉજવણી

ગુજરાત રાજય તથા કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગદ્વારા પુરસ્કૃત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ભારતરત્ન બાબાસાહેબ ડૉ. બી.આર.આંબેડકર ચેર (ડૉ.બી.આર.આંબેડકર અભ્યાસ માટેનું કેન્દ્ર) તથા શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ૬ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ 'આંબેડકર નિર્વાણ દિવસ'ની ઉજવણી 'ડૉ.બી.આર. આંબેડકરના જીવનચરિત્ર પર આધારિત પ્રદર્શન' તથા 'વકતૃત્વ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. 'આંબેડકર નિર્વાણ દિવસ'ના કાર્યક્રમમાં અધ્યક્ષ અને ઉદ્દઘાટક તરીકે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપીને કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહેમાનોનો આવકાર પરિચય અને ડૉ. બી.આર.આંબેડકર ચેરની પ્રવૃત્તિ અંગેની માહિતી ડૉ. બી.આર.આંબેડકર ચેરના ચેરમેન ડૉ. ગૌરાંગ રામી દ્વારા આપવામાં આવી હતી. જયારે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત તથા પ્રાસંગિક ઉદ્બોધન કાર્યકારી કુલસચિવ અને શિક્ષણ વિભાગના અધ્યક્ષડૉ. રાજેન્દ્ર પટેલે કર્યુ હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધ્યક્ષ, યુનિવર્સિટી સેનેટ અને સિન્ડિકેટ સભ્યશ્રીઓ તથા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એડ. સેમેસ્ટર–૨ની વિદ્યાર્થિની કું. કાકલોતર ખુશ્બુએ કર્યું હતું અને આભારવિધિ ડૉ. ભાવેશ મોદીએ કરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષીય પ્રવચન આપતા કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ડૉ.બી.આર.આંબેડકર બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યકિત હતા. તેમણે પોતાના જીવનમાં અસંખ્ય ઉતાર–ચઢાવ જોયા છે. તેઓએ એવા સમયે વિશ્વની બે પ્રતિષ્ઠિત કોલમ્બિયા અને લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસમાંથી ડોકટરની પદવી પ્રાપ્ત કરી હતી જયારે ભારતમાં અને વિશ્વના વિવિધ દેશોમાં વિવિધ પ્રકારનો ભેદભાવ થતો હતો. તેમને ભારતીય સંવિધાનના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. કુલપતિશ્રીએ તેમના સામાજિક ભેદભાવ અને દલિતોના ઉત્થાન માટે કરેલા કામોને પણ યાદ કર્યા હતા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા અને ન્યાય મંત્રી તથા પ્રજાસત્તાક ભારતના પિતા તરીકે પણ યાદ કર્યા હતા. ડૉ. શિવેન્દ્ર ગુપ્તા સાહેબે એવી ટકોર પણ કરી હતી કે, ડૉ.બી.આર.આંબેડકરને તેમના યોગદાન બદલ ભારતરત્ન ખુબ મોડું મરણોપરાંત ૧૯૯૦માં આપવામાં આવ્યું હતું. તેમણે મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરને ભારતને બે મોટા સ્તંભ કહ્યા હતા અને જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીના 'અહિંસા'ના વિચારને જો કોઈએ ચરિતાર્થ કર્યુ હોય તો તે ડૉ. બાબસાહેબ આંબેડકર હતા. તેમણે આ પ્રસંગે માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર)ને પણ યાદ કર્યા હતા જેમણે ડૉ.બી.આર.આંબેડકરની જેમ અમેરિકામાં રંગભેદની નીતિ સામે ચળવળ ચલાવી હતી.

'ડૉ.બી.આર.આંબેડકરના જીવન ચરિત્ર પર આધારિત પ્રદર્શન'માં લગભગ વીસ જેટલી વૈવિધ્ય સભર કૃતિઓ જેવી કે રંગોળી, પેપર લેડર, પુસ્તકો, ચાર્ટ પેપર પર ડૉ.બી.આર.આંબેડકરના પ્રચલિત વિચારો, ડૉ.બી.આર. આંબેડકરના જન્મથી મૃત્યુ સુધીના ફોટોગ્રાફસ, પેન્ટિંગ, ફોટો આલ્બમ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વિગેરે વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જયારે 'વકતૃત્વ સ્પર્ધામાં લગભગ બાર જેટલા સ્પર્ધકો પોતાનું વકતવ્ય (૧) બંધારણ શિલ્પીઃ ડૉ. આંબેડકર (૨) ભારતરત્નઃ ડૉ.આંબેડકર (૩) ડૉ. આંબેડકરનું સામાજીક ચિંતન (૪) ડૉ. આંબેડકરનું શૈક્ષણિક ચિંતન (૫) ડૉ. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન (૬) ડૉ. આંબેડકરનું આધ્યાત્મિક ચિંતન (૭) ડૉ. આંબેડકરનું જીવન વૃતાંત (૮) ડૉ. આંબેડકરની સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા (૯) ડૉ. બી.આર. આંબેડકર અને યુવાવર્ગ જેવા વિષયો પર પોતાના વ્યાખ્યાનો આપ્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાજપૂત બબીતા આર., દ્વિતિય ક્રમે રાજપૂત પૂજા એસ. અને તૃતીય ક્રમે કાકલોતર ખુશ્બુ વી. વિજેતા જાહેર થયા હતા. જયારે ડૉ. બી.આર.આંબેડકરજીના જીવન ચરિત્ર પરના પ્રદર્શનમાં પ્રથમ ક્રમે પટેલ દેવીયાનીકુમારી ભરતભાઈ દ્વિતિય ક્રમે મલેક મુનીશાબાનુ ઉસ્માનભાઈ અને તૃતિય ક્રમે પટેલ સપનાબેન હીરાભાઈ, પટેલ ખુશ્બુબેન હસમુખભાઈ તથા યાદવ અંજના અમરનાથના ગ્રુપ દ્વારા તૈયાર કરેલ કૃતિઓ વિજેતા તરીકે જાહેર થઈ હતી. બંને સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ભાવેશભાઈ મોદી તથા ડૉ. સારિકાબેન ચૌહાણે પોતાની સેવાઓ આપી હતી. સમાપન અને ઈનામ વિતરણ સમારંભમાં શિક્ષણ વિભાગના અધ્યક્ષ અને ઈ.ચા.કુલસચિવ ડૉ. રાજેન્દ્ર પટેલ તથા ડૉ. બી.આર.આંબેડકર ચેરના ચેરમેન ડૉ. ગૌરાંગ રામીએ વિજેતાઓને ડૉ. બી.આર.આંબેડકર ચેર તરફથી રોકડ પુરષ્કાર અને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા તથા તમામ સ્પર્ધકોને પણ પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.






DR. BABASAHEB'S LIFE IN VIRTUAL REALITY











Veer Narmad
South Gujarat University
Dr. B R Ambedkar Chair







## રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ

### પ્રશિક્ષણ વર્ગ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૧૪/૧૨/૨૦૧૯, શનિવારનાં રોજ યુનિવર્સિટીના પ્રાંગણમાં "એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન સત્રમાં શ્રી યશવંતભાઈ ચૌધરી, કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા, રાષ્ટ્રીય સેવા યોજના વિભાગનાં કો–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોર, આસિસ્ટન્ટ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર અને સિન્ડિકેટ સભ્ય ડૉ. કેતનભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

ઉદ્‌ઘાટન સત્રમાં યશંવતભાઈ ચૌધરીએ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા રાષ્ટ્રકાર્ય કેવી રીતે થઈ શકે છે, યુવાઓમાં જે શકિત રહી છે તેનો સદ્‌ઉપયોગ સમાજ હિત અને રાષ્ટ્રહિતમાં કેવી રીતે કરી શકાય તે વિષય પર ભાર મુકયો હતો. "મે નહી તુ હી" આ ભાવ સાથે એક બીજાને જોડીને સાથે મળીને પ્રોત્સાહિત કરીને જાતે કામ પર લાગીને યુવાઓને સેવા કાર્યમાં લગાવવા તે નૈતિક જવાબદારી આપણા બધાની છે. શ્રેષ્ઠ કલ્પના, સર્વે ભવંતુ સુખીનઃ ની ભાવના આપણું ભારતીય ચિંતન છે અને સેવાએ ભારતીય ચિંતન માંથી નિકળેલુ અમૃત છે. તો આ અમૃતને આપણે બધા સુધી પહોંચાડવાનું કાર્ય એ એનએસએસનું કાર્ય છે.

બીજુ સત્ર શ્રી નંદકિશોર શર્માજી–સ્લમ વિસ્તારમાં શિક્ષા, સંસ્કાર, સ્વાસ્થય દ્વારા સેવા કાર્ય કેવી રીતે કરવું ? ત્રીજુ સત્ર ડૉ. ભરતભાઈ ઠાકોર એનએસએસ દ્વારા વિવિધ કાર્ય અને કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રકાર્ય વિષય પર વિસ્તૃત વાત કરી હતી. ચોથું સત્ર શ્રી પ્રકાશજી કપુરીયા દ્વારા ભારતીય ચિંતનમાં સેવાનું મહત્વ પર સેવાનાં ઘણા ઉદાહરણો દ્વારા વાત કહી હતી. પાંચમા સત્રમાં શ્રી વિરેશભાઈ અંકલેસરિયા દ્વારા સેવાભારતીનાં કાર્ય સી.ડી. નિદર્શન કરાવી તે લાખો પ્રકારનાં સેવા કાર્યથી સમાજની સેવા કરે છે તેના પર વિસ્તૃત માહિતી આપી હતી.

એનએસએસનાં આસિસ્ટનટ કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર દ્વારા સેવા કાર્યને આગામી દિવસોમાં સ્લમ વિસ્તારમાં શિક્ષા, સંસ્કાર, સ્વાસ્થયની સેવા દ્વારા તે વિસ્તારને સમાજની સાથે જોડીને તે વિસ્તારમાં શિક્ષા અને સ્વાસ્થયનું કાર્ય થાય તે વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી.

સમાપન સમારોહમાં રાષ્ટ્રીય સેવા યોજના સંલગ્ન વિવિધ કોલેજોથી આવેલા કુલ ૧૬૦ પ્રોગ્રામ ઓફિસરો આ વર્ગમાં હાજર રહયા હતા અને આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમ યોજવા પર વિચાર વ્યકત કર્યો હતો.



















## વ્યાખ્યાન : Perfection is Just a Thought Away

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા. ૨૧–૧૨–૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૩૦ કલાકે *"Perfection is Just a Thought Away"* વિષય ઉપર મોટીવેશનલ વ્યાખ્યાન શ્રી હીત અંબરીશ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સમારંભમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યાં હતાં. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ ઉપસ્થિત શ્રી હીત અંબરીશને સ્મૃતિચિહ્ન આપ્યું અને ગીતામાં દર્શાવેલ બાબતોનું વર્ણન કર્યું. અને કહ્યુ કે, સત્ય તર્કથી ઉપર છે.


વકતા શ્રી હીત અંબરીશતેમના વિચારવ્યકત કરતા જણાવ્યું હતું કે, પરફેકશન માટેનાં મુખ્ય ત્રણ સ્તંભ એટલે કે 3Dનો ઉલ્લેખ કર્યો હતો અને એ 3D એટલે ડીસીપ્લીન, ડેડીકેશન અને ડીવોશન રહેલા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સમય સંચાલન (Time Management)નું મહત્વ સમજાવ્યું. તેમણે સુત્ર આપ્યું કે, "PERFECTION SHOULD BE ADDICTION IN LIFE". શરૂઆતમાં કદાચ અઘરું લાગે પરંતુ તેમાં જ સફળતા અને પ્રસન્નતા રહેલી છે. તેમણે જીવનમાં પ્રકૃતિનાં નીતિ–નિયમોનાં પાલન કરવા પર વિચાર રજુ કર્યો અને દરેકને જીવનમાં તેને ઉતારવાનો અનુરોધ કર્યો. તેમણે જણાવ્યું કે, કોઈપણ કાર્યની સફળતા માટે વિચાર અને સંકલ્પ હોવો ખૂબ જ જરૂરી છે. તેમણે યુવાનોને જીવનમાં કોઈપણ બાબતે અપૂરતા કે અધુરા સંતોષની જગ્યાએ પૂર્ણતાપૂર્વક પ્રતિકૂળ સંજોગોમાં પણ દ્રઢતા સાથે લડવાની તાકાત આપતો વિચાર આપ્યો અને તેમણે સુત્ર આપ્યું કે "જો જુજતા હૈ વોહ જીતતા હૈ" પરફેકશન માટે એકાગ્રતા ખૂબ જ જરૂરી છે તેમણે યુવાનોને તમારા પોતાનાં જીવનનાં હેતુઓ અને તેને પાર કેવી રીતે કરી શકાય તેમજ તેમનો પોતાનો જીવનનો ઉદ્દેશ્ય શું રહેલો છે તેના ઉપર વિચાર રજુ કર્યા. તેમણે તેમના વકતવ્યમાં વધુમાં જણાવ્યું કે, લોકો બે પ્રકારનું જીવન જીવતા હોય છે Life of Consolation અને Life of Contentment.

કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી વિભાગના પ્રોફેસર ડૉ. પરેશ જોશીએ કર્યુ હતું અને આભારવિધિ પ્લેસમેન્ટ ઓફિસર દર્શન પુરોહિતે કરી હતી.
















## ડૉ. બી.આર.આંબેડકર ચેર તથા અર્થશાસ્ત્ર વિભાગ

### સેમિનાર : બંધારણીય કાયદો: અર્થતંત્ર અને સમાજ પર અસર

ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગદ્વારા પુરસ્કૃત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ભારતરત્ન બાબા સાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર (ડૉ.બી.આર.આંબેડકર અભ્યાસ માટેનું કેન્દ્ર) તથા અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ "બંધારણીય કાયદો: અર્થતંત્ર અને સમાજ પર અસર" વિષય પર એક દિવસનો સેમિનાર અર્થશાસ્ત્ર વિભાગના સેમિનાર હોલમાં યોજાયો હતો. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારારચિત બંધારણ અને બંધારણીય કાયદાઓ અને તેમની અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો અને સમાજના વિવિધ વિભાગો ઉપર કેવી અસરો થાય છે તેને સમજાવવાનો રહેલો હતો. આ કાર્યક્રમમાં ઉદ્ઘાટન સમારંભમાં ઉદઘાટક અને અઘ્યક્ષ તરીકે કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બી.આર.આંબેડકર ચેરના ચેરમેન ડૉ. ગૌરાંગ રામીએ આવકાર પ્રવચન આપ્યું હતું અને ડૉ. બી.આર.આંબેડકર ચેરની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં પ્રાર્થના એમ.એ.ની વિદ્યાર્થિનીઓએ રજુ કરી હતી જયારે સેમિનારની રૂપરેખા અર્થશાસ્ત્ર વિભાગના અઘ્યક્ષ ડૉ. શ્રીનિવાસા રાવે આપી હતી. તેમણે પોતાના પ્રવચનમાં માનવીય અમર્યાદિત જરૂરિયાતોના સંદર્ભમાં સીમિત સાધનોની વહેંચણી અને ફાળવણીના સંદર્ભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર રચિત બંધારણની અગત્યતા સમજાવી હતી અને કહ્યું હતું કે સમાજ અને અર્થતંત્રમાં ન્યાય, સમાનતા અને કલ્યાણ બંધારણ થકીજ આવી શકે એમ છે.

કાર્યક્રમમાં ઉદઘાટકીય અને અઘ્યક્ષીય પ્રવચનમાં કુલપતિ ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, બંધારણે આપણને એક બાજુએ હક્કો આપ્યા છે તો બીજી તરફ બંધારણે આપણી ફરજો પણ નક્કી કરી છે. ઘણી સામાજિક અને આર્થિક સમસ્યાઓ આ હક્કો અને ફરજોની અસમતુલાના લીધે ઉભી થાય છે. લોકો મોટા ભાગે પોતાની નાગરિક તરીકેની અને નૈતિક ફરજોની પરવાહ કર્યા વગર હક્કોની વાત અને માંગણી કરે છે જે વાજબી નથી. તેમણે કહ્યું હતું કે, આવા સેમિનારો સમાજના દબાયેલા અને કચડાયેલા લોકોની સમસ્યાઓ અને પ્રશ્નોને ઉજાગર કરવાનું કામ કરે છે એટલું જ નહિ પરંતુ ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા રચિત બંધારણ એટલું સચોટ અને વૈજ્ઞાનિક છે કે તે સમાજ અને અર્થતંત્રના તમામ પ્રશ્નોનું નિરાકરણ સંવૈધાનિક પ્રક્રિયા દ્વારા સામાજિક સમરસતા સાથે ન્યાય અને કલ્યાણનું વાતાવરણ સર્જવામાં સચોટ યોગદાન આપી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે જો કોઈ વ્યકિતના જીવન ચરિત્ર અને યોગદાનથી તેઓ પ્રભાવિત થયા હોય તો તે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર છે.

આ સેમિનારમાં ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ડૉ. મંજુલા ડાભીએ જમીન સુધારો અને દલિતોની સ્થિતિ મૂલ્યાંકન (ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા ધારા, ૧૯૬૦ના સંદર્ભમાં) વિષય પર વ્યાખ્યાન રજુ કર્યું હતું. તેમણે પોતાના સંશોધન દ્વારા એવું જાણવાનો પ્રયત્ન કર્યો હતો કે શું ગુજરાતમાં ખેત જમીન ટોચમર્યાદા ધારાના કારણે દલિતોની સામાજિક–આર્થિક પરિસ્થિતિમાં કોઈ ફેરફાર આવ્યો છે અને એના લીધે દલિતોની સક્ષમતાઓમાં વધારો થયો છે ? સમગ્ર અભ્યાસમાં તેમણે જણાવ્યું હતું કે, કાયદાના અસરકારક અમલીકરણ માટે રાજકીય પ્રતિબદ્ધતા, અમલદારી તંત્રની જવાબદારી અને નિષ્ઠા તેમજ નાગરિકોનો કાયદા પ્રત્યેનો આદર મહત્વની ભૂમિકા ભજવે છે. તેમના સંશોધન મુજબ દલિતોને જયાં સુધી ઉત્પાદકીય અને પર્યાપ્ત પ્રમાણમાં સંસાધનો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓના આર્થિક પ્રશ્નો વિશેષરૂપે બેરોજગારી, ગરીબી અને નીચી આવક આપનાર ખેતમજૂરી ઉપરનું અવલંબન ઘટવાનું નથી.

દ્વિતીય વ્યાખ્યાન ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગરના ડૉ. હિતેશ ઠક્કર દ્વારા બંધારણીય કાયદાઓ અને તેની અર્થતંત્ર પર પડતી વિવિધ અસરો અને વર્તનવાદી અર્થશાસ્ત્રના સમન્વય પર આપવામાં આવ્યું હતું. તેમણે વિશ્વના વિવિધ બંધારણોની વિગતે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાનું બંધારણ સૌથી જૂનું છે જયારે નોર્વેનું બંધારણ પરિવર્તનક્ષમ છે. ભારતનું બંધારણ સૌથી લાંબું તો છે જ પણ સૌથી સચોટ અને પદ્ધતિસરનું છે. તેમણે પોતાના વ્યાખ્યાનમાં ઉદાહરણ દ્વારા સમાનતા, નિષ્પક્ષતા અને ન્યાયની પરિભાષા સમજાવી હતી. તેમણે એમ પણ કહ્યં હતું કે દરેક નાગરિકને પોતાના બંધારણીય અને મૂળભૂત હક્કો વિશે જાણકારી હોવી જોઈએ એની સાથે તેમણે પોતાની ફરજો પરિપૂર્ણ કરવી જોઈએ. તેમણે ખાનગી કાયદાઓ અને જાહેર કાયદાઓનો તફાવત વિગતે સમજાવ્યો હતો. જયારે 'બંધારણ એક ઉત્પાદન' તરીકેની ચર્ચા કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે જે આર્થિક રીતે સાચું હોય તે જરૂરી નથી કે બંધારણીય કે કાયદાકીય રીતે પણ સાચું હોય, જે એક વ્યકિત માટે સાચું હોય તે કદાચ સમૂહ કે સમગ્ર માટે સાચું ન પણ હોય તેમજ જે આંકડાકીય રીતે સાચું હોય તે વાસ્તવિક રીતે ન પણ સાચું હોય. આ બાબતના તેમણે ઘણા ઉદાહરણો આપ્યા હતા. તેમણે નિર્ણયીકરણની પ્રક્રિયામાં ખર્ચ, લાભ, વિશ્લેષણ અને નાણાકીય અને બિન નાણાકીય પ્રોત્સાહન વિશ્લેષણ પર ભાર મૂકયો હતો. તેમણે બંધારણના સમગ્રલક્ષી વિશ્લેષણની વિગતે સમજ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.બી.આર.આંબેડકર ચેરના ચેરમેન ડૉ. ગૌરાંગ રામીએ કર્યું હતું.









## બાયોટેકનોલોજી વિભાગ

### Admission Counseling: Meeting

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ ખાતે તા. ૦૫/૦૧/૨૦૨૦ના રોજ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાની હાજરીમાં "INNOVATION, INTELLECTUAL PROPERTY RIGHT, START-UP AND ENTREPRENEURSHIP (IISE)" કોર્ષના પ્રથમ વાંચ્છુકો માટે Admission Counseling: Meetingનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના Startup & Entrepreneurship Council (SEC) અને Student Start up and Innovation Policy (SSIP)ના ઉપક્રમે ફકત રૂા. ૧૦૦૦/– ફી ધરાવતા અને ૧૨૦ કલાસના આ એડઓન સર્ટિફિકેટ કોર્ષમાં ૫૦ બેઠકોની સામે ૧૮૫થી પણ વધારે આવેદનપત્રો આવતાં યુનિવર્સિટી દ્વારા તે માટે ફાળવેલ ૫૦ બેઠકોથી વધારીને ૭૫ બેઠકો કરી દેવામાં આવેલ છે.

આ કોર્ષમાં એડમિશન લેવા માટે એન્ટ્રેન્સ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવશે. આ મિટીંગમાં ઉમેદવારોને એડમીશન પ્રક્રિયા અને અભ્યાસક્રમની વિગતોની સમજ આપવામાં આવી હતી. સમારંભમાં કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે, સુરત એક ઔદ્યોગિક નગરી છે અને ઉદ્યોગસાહસિકતા સુરતીઓમાં રંગ–રંગમાં વસેલ છે. IISE કોર્ષ દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટી બહારના ઉમેદવારો આ કોર્ષમાં જોડાઈ Innovation, Intellectual Property Right (IPR), Startup અને Entrepreneurshipની માહિતી મેળવી શકશે. જેથી તેઓમાં રહેલી કુશળતાને સ્ટાર્ટઅપમાં ઢાળવવામાં મદદ મળશે.

યુનિવર્સિટીને મળેલ SSIPની ગ્રાન્ટમાંથી ટૂંક સમયમાં યુનિવર્સિટી ખાતે Pre-Incubation Facility, Tinkering Lab અને Shared Working Space જેવી સગવડતા ઊભી કરવામાં આવશે. પ્રથમ વર્ષે આ ગ્રાન્ટમાંથી ૨૦ જેટલા સ્ટાર્ટઅપ પ્રોજેકટ માટે દરેક પ્રોજેકટ દીઠ વધમાં વધુ રૂા. ૨ લાખ જેટલી રકમ પણ ફાળવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ કોર્ષ માટે વિવિધ ક્ષેત્રના તજજ્ઞોને બોલાવવામાં આવશે. તેમજ પ્રોજેક્ટ વર્ક દ્વારા વિદ્યાર્થીઓને સર્વાંગી તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત આ કોર્ષ સુરતવાસીઓ માટે આશીર્વાદરૂપ થશે. કુલપતિશ્રીએ જણાવ્યું કે, આ કોર્ષ દ્વારા ઉમેદવારો/વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને ઔદ્યોગિક સાહસિકતાના ગુણોનો વિકાસ થશે અને તેઓની કુશળતા અને પ્રતિભાને એક ચોકકસ બિઝનેશમાં ઢાળી શકશે.







## આર્કિટેકચર વિભાગ

### સિધ્ધિઓ

યુનિવર્સિટીનાં આર્કિટેકચર વિભાગ દ્વારા ટૂંકા સમયમાં સિધ્ધિઓની વણઝાર શરૂ થઈ ગઈ છે. કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાનાં અડગ નિર્ધાર તેમજ માર્ગદર્શન હેઠળ વિભાગનાં નિષ્ણાંત શિક્ષકોનાં અથાગ પ્રયત્નોનું પરિણામ હવે જોઈ શકાય છે. વિભાગના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ક્રમાં ઝોનલ નાસાના કન્વેન્શનમાં વિશેષ ગણાતી રૂબીન્સ ટ્રોફીમાં વિશેષ દરજ્જો સૂચવતી ટ્રોફી મેળવી જયારે અનુસ્નાતક વિભાગનાં માસ્ટર ઓફ અર્બન પ્લાનીગ કોર્ષનાં વિદ્યાર્થીઓએ પ્લાનીગનાં વિદ્યાર્થીઓના રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પહેલી જ વખત ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓએ 'સ્માર્ટ વિલેજ' માટે રૂા. ૩૦ લાખથી ઓછા ખર્ચમાં વિકાસ કરવા માટેની નીતિઓ, દરખાસ્તો અને ખ્યાલોને રજૂ કરીને તૃતીય સ્થાન મેળવેલ છે. અત્રે નોંધનીય છે કે, ડિપાર્ટમેન્ટમાં "માસ્ટર ઓફ અર્બન પ્લાનીગ" તથા "માસ્ટર ઓફ આર્કિટેકચર (લેન્ડસ્કેપ)" આ વર્ષથી જ શરૂ કરવામાં આવ્યા છે.







## જે.પી.દાવર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફૅશન સાયન્સ એન્ડ ટેકનોલોજી

### પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.ના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી તેજસ રજનીકાંત શાહ દ્વારા કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખામાંથી Design of a Security and Privacy Aware Service Oriented Requirement Engineering Framework વિષય પર રજુ કરેલ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી Ph.D.ની પદવી એનાયત કરી છે. આ સંશોધનકાર્ય તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટના પૂર્વ પ્રોફેસર ડૉ. એસ.વી.પટેલના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. અભિનંદન.

## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ

### વ્યાખ્યાન

डॉ. ईश्वरभाई जोषी ने ग्रंथालय एवं माहिती विज्ञान विभाग के विद्यार्थीओंसे संवाद किया । जीवन में सफलता कैसे पाओे इसके राज बताते हुओे उन्होने स्वामी विवेकानन्दजी एवं वीर नर्मद के उदाहरण दिओे । महान व्यक्ति पहले स्वयं को पहचानते है, समाज को पहचानते हैं, फिर अपने विचारों से दुनियाको प्रभावित करते है । हर ओेक व्यक्ति में कुदरत ने कुछ विशेष प्रतिभा डाली हुई है । उसे पहचानना जरूरी है । स्वयं की पहचान के लिए उन्होंने हररोज दस मिनट 'ध्यान का अभ्यास बताया' । भारत देश का सुजाण नागरीक बनने के लिओे विश्व शांति और भाईचारा निर्माण करने के लिऐ अपनी भावनाओं पर व्यक्तिगत रूप से काबु पाना जरूरी है, और भी उन्होने कहा । 'सायकोलोजिकल लाईफ पेटर्न' का विश्लेषण करते हुए उन्होने माता-पिता, अध्यापक, शिक्षण व्यवस्था इनका सम्मान करने की सलाह दी । विद्यार्थीयों का आज का गलत वर्तन कुछ वर्षो बाद, स्वयं के बच्चों में परिवर्तित होने की कुदरती सम्भावना रहती है । इसी लिए आज के युवक को अपने अंदर सकारात्मक परिवर्तन लाना बेहद जरूरी है, यह प्रतिपादन उन्होने किया । अत्यंत प्रभावी दस मिनट का 'ध्यान' उन्होने करवाया । जिसका विद्यार्थीयोंने भरपूर आनंद लिया । व्याख्यान के अंत में डॉ. अंकुया ने उनके और छात्रों का आभार प्रकट किया ।











## Physical Education Section

### સૌ પ્રથમવાર વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટીમાં ક્વોલીફાઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ફુટબોલ (ભાઈઓ)ની સ્પર્ધાનું તા. ૦૩/૧૨/૨૦૧૯ થી તા. ૦૯/૧૨/૨૦૧૯ દરમ્યાન બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં જુદી જુદી ૭૪ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ટીમની પહેલી મેચ જુન જુનવાલા યુનિવર્સિટી સામે ૨ : ૦ ગોલ સાથે વિજય મેળવ્યો હતો. ત્યારબાદ વિક્રમ યુનિવર્સિટી ઉજ્જૈન સામે ૨ : ૦ ગોલ સાથે વિજય મેળવ્યો હતો. ત્યારબાદ સંત ગાર્ડબાબા અમરાવતી યુનિવર્સિટી સામે ૦ : ૦ ગોલ સાથે મેચ ડ્રો થતા પેનલ્ટી શુટઆઉટમાં ૩ : ૧ ગોલથી વિજય મેળવ્યો હતો. સતત રાઉન્ડની ત્રણ મેચ જીતીને હવે ગુજરાત યુનિવર્સિટી સામે ક્વોટર ફાઈનલ મેચમાં ૦ : ૦ ગોલ સાથે મેચ ડ્રો થયેલ હતી ત્યારબાદ પેનલ્ટી શૂટઆઉટમાં ૩ : ૧

ગોલથી જીત મેળવીને મુંબઈ સામેની ક્વાર્ટર ફાઈનલ મેચમાં ૧ : ૧ ગોલથી મેચ ડ્રો થતા પેનલ્ટી શૂટઆઉટમાં ૩ : ૦ ગોલથી વિજય મેળવ્યો હતો. આમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ફુટબોલ (ભાઈઓ)ની ટીમે વેસ્ટઝોન આંતર યુનિવર્સિટીની સૌ પ્રથમવાર લીગ મેચ માટે ક્વોલીફાઈડ થઈ છે. કે.બી.એસ. કોલેજના વિદ્યાર્થી યુનિવર્સિટીની ફુટબોલ ટીમના ગોલકિપર વિશાલ દુબે મેચના હિરો રહ્યાં હતાં. ડૉ. મયુર પટેલ (કોચ) અને અંકુર પટેલ (મેનેજર) સ્પર્ધા દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા.




## બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ ખાતે જનાર ફૂટબોલ (ભાઈઓની) ટીમ

બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી ફૂટબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચછા સમારંભ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ પટેલના અતિથિવિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે પસંદગી પામનાર ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ તરીકે ડૉ. મયૂર પટેલ અને મેનેજર તરીકે શ્રી અંકુર પટેલ સેવા આપી રહ્યાં છે.

**આંતર યુનિવર્સિટી ટીમઃ**

૧. શ્રી સૈયદ સલમાન એમ., ૨. શ્રી શૈખ મો. જાવીદ જી., ૩. શ્રી મિસ્ત્રી દિગંટ વી., ૪. શ્રી અમતા મા. ઝુબેર ડી., ૫. શ્રી મિશ્રા માસુમ ડી., ૬. શ્રી પઠાણ અરબાસખાન આઈ., ૭. શ્રી કાજી અબ્દુલ વાહેડ એ., ૮. શ્રી પટેલ પાર્થ જે., ૯. શ્રી ભૂત અનાસ એ., ૧૦. શ્રી બપોરીયા યામીન એમ., ૧૧. શ્રી માવજુઅલી કુરેશી એલ., ૧૨. શ્રી ટાંતવાલા ઉસ્માનગની એ., ૧૩. શ્રી સૈયદ રાબુદીન ઝેડ., ૧૪. શ્રી રામ પ્રભિલ એસ., ૧૫. શ્રી દીપકુમાર પ્રેમકુમાર, ૧૬. શ્રી દુબે વિશાલ આર., ૧૭. શ્રી જમાદાર ઈરીસ આઈ., ૧૮. શ્રી પાંડે પુનીત પી., ૧૯. શ્રી પટેલ મુબાસીર વી., ૨૦. શ્રી ચૌધરી રોમીત એમ.




## સંત બાબા ભાગસિંઘ યુનિવર્સિટી, પંજાબ ખાતે જનાર ફુટબોલ (ભાઈઓ)ની ટીમ

સંત બાબા ભાગસિંહ યુનિવર્સિટી, પંજાબ મુકામે ઈન્ટર ઝોનલ યુનિવર્સિટી ફુટબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઈ.ચા.કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ બી.પટેલ અતિથિવિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ તરીકે શ્રી ડૉ. મયુર પટેલ અને મેનેજર તરીકે પ્રો. અંકુર પટેલ સેવા આપી રહ્યા છે.

**યુનિવર્સિટી ટીમઃ**

૧. શ્રી સૈયદ સલમાન. એમ., ૨. શ્રી શેખ મોહમદ જાવીદ ૩. શ્રી મિસ્ત્રી દિગંત વી., ૪. શ્રી અમતા મોહમદ ઝુબેર ડી., ૫. શ્રી મિશ્રામાસૂમ ડી., ૬. શ્રી પઠાન અરબાસખાન આઈ., ૭. શ્રી કાઝીઅબ્દુલ વાહેદ એ., ૮. શ્રી પટેલ પાર્થ જે., ૯. શ્રી બારોટ અનાસ એ., ૧૦. શ્રી બાપોરીયા યામીન એમ., ૧૧. શ્રી મંજૂરઅલી કુરેશી, ૧૨. શ્રી ટાંટવાલા ઉસ્માનગની એ., ૧૩. શ્રી સૈયદ રબુદ્દીન ઝેડ., ૧૪. શ્રી રામ પ્રભીલ એસ., ૧૫. શ્રી દિપક પી., ૧૬. શ્રી દુબે વિશાલ આર., ૧૭. શ્રી જમાદાર ઈરીસ આઈ., ૧૮. શ્રી પાંડે પુનીત પી., ૧૯. શ્રી પટેલ મુબસ્સીર વી., ૨૦. શ્રી ચૌધરી રોમીત એમ.



## બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ ખાતે જનાર ક્રિકેટ (બહેનો)ની ટીમ

બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી ક્રિકેટ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઈ.ચા.કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ બી.પટેલ અતિથિવિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત–ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના ક્રિકેટ કોચશ્રી કેતન પટેલે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે શ્રી હર્ષ પટેલ અને મેનેજર તરીકે પ્રો.સોનલ વસાવા સેવા આપી રહ્યા છે.

**આંતર યુનિવર્સિટી ટીમ :**

૧. કુ. ભાનુશાલી ઉર્વશી ડી.,
૨. કુ. ભાનુશાલી ઉરવી ડી.,
૩. કુ. સોસા ઉપાસના એ.,
૪. કુ. લુનાવત સેજલ એચ.,
૫. કુ. પટેલ પિનલ વી.,
૬. કુ. પટેલ ઈતિશા એમ.,
૭. કુ. રાધિકા ડી.,
૮. કુ. પરમાર પ્રિયા યુ.,
૯. કુ. કડાવાલા શ્રધ્ધા એ.,
૧૦. કુ. તિવારીબિટ્ટુ વી.,
૧૧. કુ. મિશ્રાજયોતિ એમ.,
૧૨. કુ. પટેલ શિવાની એસ.,
૧૩. કુ. પટેલ ભુમિકા એન.,
૧૪. કુ. પટેલ અવની એમ.,
૧૫. કુ. પટેલ જીલ ડી.,
૧૬. કુ. પટેલ નિધી એમ.,




## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### રકતદાન શિબિર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, વિમેન્સ સેલ્ફ ફાઈનાન્સ એડીશનલ ડિવિઝન, પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અં.મા.), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુ.મા.), સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ કોલેજ, અમરોલી તથા એસ.ટી.ડી. કેર પ્રોજેકટ (સુરત મહાનગર પાલિકા), અમરોલી મેડીકલ સર્કલ અમરોલી, રીજીયન–૨ (ડિસ્ટ્રીકટ–૩૨૩૨F૨)ની તમામ લાયન્સ કલબો, સુરત રકતદાન કેન્દ્ર, સુરત ફેમીલી ફિઝીશયન એસોસીએશન –સુરત, લીઓ કલબ ઓફ સુરત સિલ્ક સીટી, એચ.ડી.એફ. સી. બેન્ક, શિક્ષક–વાલી મંડળ અમરોલી કોલેજ, ભૂતપુર્વ વિદ્યાર્થી મંડળ અમરોલી કોલેજ, એન.એસ.એસ. તથા એન.સી.સી. અમરોલી કોલેજના સંયુકત ઉપક્રમે તથા પ્રિ. ડૉ. કે.એન.ચાવડા અને ઈ.ચા.પ્રિ.ડૉ.મુકેશ ગોયાણીનાં નેતૃત્વ હેઠળ ગુરૂવાર તા. ૦૫–૧૨–૨૦૧૯નાં રોજ અમરોલી કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯–૨૦ દરમ્યાન બીજા રકતદાન શિબિરનું આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆત એન.એસ.એસ.ની વિદ્યાર્થિની કુ. ઉન્નતી પટેલ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજનાં આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, જીવન જયોત ટ્રસ્ટનાં મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, ડૉ. મહેન્દ્ર સોલંકી (ટ્રસ્ટીશ્રી), લાયન શ્રી મોનાબેન દેસાઈ (ચેરમેનશ્રી, રીજીયન–૨), લાયન શ્રી ધન્વંત પંડયા, લાયન શ્રી ક્રિષ્ના બન્કા (DC, બ્લડ ડોનેશન), લાયન શ્રી હિતેશ ટેલર, લાયન શ્રી પ્રદિપ ચેવલી, લાયન શ્રી ગીતા દેસાઈ, લાયન શ્રી મહેશ ચાપાનેરીયા, લાયન શ્રી નરેશ પારેખ, તેમજ સુરત બલ્ડ એન્ડ રિસર્ચ સેન્ટર ડૉ. મુકુંદ ડી. દેસાઈ, શ્રી ઉર્મિલા ડોબરીયા, શ્રી મુકેશભાઈ સોલંકી, શ્રી અમેરસિંગ પઢયા, શ્રી વિલ્યા સર, શ્રી શૈલેશભાઈ પટેલ તેમજ એચ.ડી.એફ.સી. બેન્કના ડેપ્યુટી વાઈસ પ્રેસીડન્ટ શ્રી મનોજ વેલાજકર સર, શ્રી હિરેન મહેતા, શ્રી એસ.વી.રાઘવન (આસી. વાઈસ પ્રેસીડન્ટ), શ્રી નિરવ રાવલ (એચ.ડી.એફ.સી. ઝોનલ), શ્રી ધન્યન ભટ્ટ (F1 મેનેજર હેડ), શ્રી તુષાત બેલડીયા (ડિસ્ટ્રીક મેનેજર, સી.એસ.સી. સુરત), એસ.ટી.ડી. કેર SMC ડૉ. હરીશ સોંદરવા, શ્રી દાંતાની રાજેશ, શ્રી માનસિંહ પરમાર, શ્રી ભરતભાઈ પરમાર, શ્રી ધરતીબેન પંચાલ હાજર રહયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. કે.એન. ચાવડા, ઈ. ચા. પ્રિ. ડૉ. મુકેશ ગોયાણી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી. રાણા, પ્રા. વિજય એમ. ચૌધરી, પ્રા. જીતેન્દ્ર બી. ચૌધરી, પ્રા. નેહાબેન ઉપાધ્યાય, પ્રા. ધરીત નાયક, ડૉ. જીગ્નેશ વાઘેલા, ડૉ. પ્રદીપ લેન્કા, પ્રા. જ્યોતિકા ટેલર, ડૉ. મેહુલ શાહ તથા એન.એસ.એસ. સ્વયંસેવક શ્રી જૈવિક રૈયાણી અને તેની ટીમે કર્યુ હતું.

આ શિબિરમાં ૩૦૧ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યુ. સુરત રકતદાન કેન્દ્ર અને તેમની ટીમે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. રકતદાતાઓને કોલેજ પરિવાર તેમજ એચ.ડી.એફ.સી. બેન્ક તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આભારવિધિ વિદ્યાર્થિની કુ. મેધા અડાજણીયાએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ મહત્વનો ફાળો આપ્યો હતો.






**ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ**

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જીવન જયોત હોસ્પિટલ અને પી.એમ.આર. શાહ પ્રસૂતિગૃહ–અમરોલી અને શેર એન્ડ કેર ફાઉન્ડેશન (યુનાઈટેડ સ્ટેટસ) આયોજીત ફ્રી સર્વરોગ નિદાન કેમ્પનું રવિવાર તા. ૧૫–૧૨–૨૦૧૯ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ કેમ્પમાં ભાગ લેનાર તમામ દર્દીની ફ્રીમાં તપાસ કરવામાં આવી તેમજ કેમ્પમાં નકકી થયેલ દર્દીનું રાહત દરે ઓપરેશન પણ કરી આપવામાં આવશે. તેમજ જનરલ/લેપ્રોસ્કોપી સર્જરી/પ્લાસ્ટીક સર્જરી વિભાગમાં ૧૨, મેડિશન વિભાગ ૬૮, સ્ત્રી રોગ વિભાગમાં ૦૩, બાળરોગ વિભાગમાં ૦૫, નાક, કાન, ગળા વિભાગમાં ૩૬, ચામડીના રોગ વિભાગમાં ૫૦, દાંત વિભાગમાં ૪૦ જેટલા દર્દીઓએ ફ્રીમાં તપાસ કરાવી હતી. ઉપરાંત હાડકા વિભાગમાં ૩૫ દર્દીઓએ ફ્રીમાં તપાસ કરાવી હતી જેમાં ઘુંટણ બદલવાનું ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે અને આંખ વિભાગમાં ૨૨૦ દર્દીઓએ તપાસ કરાવી હતી જેમાં રાહતદરે મોતિયાનું ઓપરેશન અને કેમ્પમાં ચશ્માનું વિતરણ ફ્રીમાં કરવામાં આવ્યું હતું અને કેમ્પમાં આંખના પડદાની તકલીફ જે દર્દીને હશે તેમને "જીવનજયોત ડાયગ્નોસ્ટીક સેન્ટર, ઉધના" ખાતે રાહતદરે ઓપરેશન કરી આપવામાં આવશે. કેમ્પમાં કુલ ૪૭૮ જેટલા દર્દીઓએ ફ્રીમાં તપાસ કરાવી કેમ્પનો લાભ લીધો હતો.

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, વિમેન્સ સેલ્ફ ફાઈનાન્સ એડીશનલ ડિવિઝન, પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અં.મા.), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુ.મા.), સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ કોલેજ, લાયન્સ કલબ ઓફ સુરત–સ્પંદન, જીવન જયોત જનરલ હોસ્પિટલ તથા પી.એમ.આર.શાહ પ્રસુતિગૃહ, પ્રા.જી.શાહ બાળમંદિર (ગુ.મા.–અં.મા.), એચ.પી.દેસાઈ પ્રાથમિક શાળા, એસ.પી.બી.હાઈસ્કુલ, આર.એમ.દેસાઈ પ્રાયમરી સ્કુલ, 'સઘ્યારો' ઈંગ્લિશ મિડીયમ હાઈસ્કુલ, આર.કે.શાહ હાયર સેકંડરી સ્કુલ, વી.એફ.શાહ પ્રાયમરી સ્કુલ, શ્રી જી.જી.મુંદડા માઘ્યમિક શાળા, પી.બી.શાહ ઉચ્ચતર માઘ્યમિક શાળા અને શેર એન્ડ કેર ફાઉન્ડેશન (યુનાઈટેડ સ્ટેટસ)ના સહયોગથી કાર્યક્રમ સફળ રહયો હતો. આ પ્રસંગે જીવન જયોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી અને મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી ગૌરાંગ દેસાઈ, ટ્રસ્ટી શ્રી કાંતીભાઈ એમ.શાહ, શ્રી અનિમેશભાઈ માળી, ડૉ. શૈલેશભાઈ દેસાઈ, શેર એન્ડ કેર ફાઉન્ડેશન (યુનાઈટેડ સ્ટેટસ)ના મુખ્ય સ્થાપક શ્રી મધુભાઈ શાહ, કોર્પોરેટરશ્રી ઉર્વશીબેન માળી, આચાર્યશ્રી ડૉ.કે.એન. ચાવડા, ઈ.ચા.પ્રિ.ડૉ.મુકેશ ગોયાણી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. ડૉ. રાજેશ ડી.રાણા તથા એન.એસ.એસ. સ્વયંસેવકો જીવન જયોત ટ્રસ્ટના તમામ ડોકટર હાજર રહી સેવા આપી હતી.

તેમજ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, બીનવારિસ, નિરાધાર અને પીડિત પ્રભુજીઓનો આશ્રમ ધોરણપારડી ખાતે, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ નિરાધાર૮ યકિતઓનાં તાલીમ અને સ્વરોજગારી અમરોલી સાયણ ખાતે, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ મંદબુદ્ધિનાં માનવો લસકાના આમ આ ત્રણ સેવા કેન્દ્રો પર શાહ શેર એન્ડ કેર ફાઉન્ડેશન (યુનાઈટેડ સ્ટેટસ)ના મુખ્ય સ્થાપક શ્રી મધુભાઈ શાહ દ્વારામોટી સંખ્યામાં જરૂરમંદ માનવીઓને મોટી સંખ્યામાં ધાબળા અને જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.







## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### એન.એસ.એસ.

૧. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સપ્તધારાની સમુદાય ધારા અંતર્ગત કામરેજ તાલુકા પાસે આવેલા લાડવી ગામમાં, આચાર્યાશ્રી ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ૭ દિવસના વાર્ષિક એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કોલેજની ૫૦ જેટલી એન.એસ.એસની વિદ્યાર્થિનીઓ દ્વારા ગામની સાફ સફાઈ, ગામમાં સ્થિત આંગનવાડી તથા સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્ટેશનરીનું વિતરણ, મેડીકલ અને દંત ચિકિત્સા કેમ્પ, મહિલાઓને સેનેટરી નેપકીન્સ, ટોઈલેટ્રીસ, હેર ઓઈલ અને શેમ્પુનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદ્પરાંત વ્યસનમુકિત, સ્વચ્છતા, પર્યાવરણ, સાક્ષરતા અને બેટી બચાવો પ્રત્યે જનજાગૃતિ માટે વિવિધ રેલીઓ અને નુકકડ નાટકોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિનીઓએ ગામનાં વયસ્ક નાગરિકો સાથે વાર્તાલાપ કરી ગ્રામીણ જીવનના અનુભવ મેળવવા માટે ડેમોગ્રાફિક સર્વે કર્યુ હતું. ગામમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ રેલી કાઢી સૌએ ઈકો ફ્રેન્ડલી જીવન શૈલી અપનાવવાથી જ પર્યાવરણની જાળવણી કરી શકીશું એ સંદેશ પહોંચાડયો હતો. માનવ મૂલ્યો પ્રેરિત આ પ્રવૃત્તિએ એક ઉત્કર્ષ પ્રયાસનું સચોટ દ્રષ્ટાંત પૂરું પાડયું હતું. આ સમગ્ર કેમ્પનું સંચાલન એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. ક્રિષ્ના દેસાઈ, પ્રા.અનામિકા તલ્સેરા તથા ડૉ.તન્વી તારપરા દ્વારા કરવામાં આવ્યું હતું.




૨. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સપ્તધારાની સમુદાય ધારા અંતર્ગત કામરેજ તાલુકા પાસે આવેલા લાડવી ગામમાં આચાર્યાશ્રી ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિવિધ વિષયો જેવા કે વ્યસન મુકિત, સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી, સાક્ષરતા અને બેટી બચાવો તથા બેટી પઢાવો પર જાગૃતતા લાવવા માટે એન.એસ.એસ. કેમ્પ દરમ્યાન રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજની ૫૦ જેટલી એન.એસ. એસ.ની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



આ વિદ્યાર્થિનીઓએ ગામમાં ફરીને ગામના લોકોમાં જાગૃતી લાવવા માટે પોસ્ટરો અને બેનરો બનાવી દારૂ, તમાકુ, ગુટખા વગેરે હાનિકારક અને જીવલેણ વ્યસનવિરૂધ્ધ અને સ્વચ્છતા, સાક્ષરતા અને બેટી બચાવો–બેટી પઢાવો વિષે જનજાગૃતિ માટે સૂત્રોચ્ચાર કર્યા હતા. તદ્પરાંત ગામના લોકો વચ્ચે જઈને દહેજ પ્રથા, ઘરેલુ હિંસા, લિંગ ભેદ, રેપ વિરૂધ્ધ નુકકડ નાટકો પ્રસ્તુત કરી લોકોને આ દૂષણોથી દૂર રહેવા

માટેનો સંદેશ આપ્યો હતો. આ માનવ મૂલ્યો પ્રેરિત પ્રવૃત્તિએ એક ઉત્કર્ષ પ્રચારનું સચોટ દ્રષ્ટાંત પૂરું પાડયું હતું. આ સમગ્ર કેમ્પનું સંચાલન એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. ક્રિષ્ના દેસાઈ, પ્રા.અનામિકા તલ્સેરા તથા ડૉ.તન્વી તારપરા દ્વારા કરવામાં આવ્યું હતું.

૩. વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સપ્તધારાની સમુદાય ધારા અંતર્ગત કામરેજ તાલુકા પાસે આવેલા લાડવી ગામમાં આચાર્યાશ્રી ડૉ.અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. મયંક સંચેતી અને એમની ટીમે ગામના લોકોના દાંતની તબીબી તપાસ કરી હતી અને ગામના લોકોને દાંતના રોગો, તેના લક્ષણો, કારણો, તેની શકય સારવાર અને રોગને અટકાવવાની જાણકારી આપી હતી. સાથે સાથે એમણે એ પણ સમજાવ્યું હતું કે શરીરની તંદુરસ્તી માટે દાંત તંદુરસ્ત હોવા જરૂરી છે, મોંઢું એ શરીરનું પ્રવેશદ્વાર છે, જો મોંમાં જ રોગનું ઘર હોય તો, આખું શરીર કઈ રીતે તંદુરસ્ત રહી શકે. દાંત અને પેઢાના રોગ થાય અને પછી સારવાર કરાવો, તેના કરતા તેની પહેલેથી જ એવી રીતે વ્યવસ્થિત સંભાળ લેવી જોઈએ જેથી રોગ શરૂ જ ન થાય. કોલેજની ૫૦ વિદ્યાર્થિનીઓ અને ૮૨ ગામના લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

આ સમગ્ર કેમ્પનું સંચાલન એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.ક્રિષ્ના દેસાઈ, પ્રા.અનામિકા તલ્સેરા તથા ડૉ.તન્વી તારપરા દ્વારા કરવામાં આવ્યું હતું.




## કારકિર્દી હેતુલક્ષીય વ્યવસાયિક કોર્ષોનાં સાતમો પ્રમાણ–પત્ર વિતરણ સમારોહ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં, આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના સચોટ માર્ગદર્શન હેઠળ કારકિર્દી હેતુલક્ષીય વ્યવસાયિક કોર્ષોનાં સાતમો પ્રમાણ–પત્ર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં Tally ERP 9 પ્રોફેશનલ એકાઉન્ટન્ટ કોર્સ ઓફ ટેલી એકેડમી, બેન્ગલુરુ., CCC ઓફ NIELIT, DELL, કમ્યુનિકેશન સ્કીલ એન્ડ પર્સનાલીટી ડેવલપમેન્ટ, વેબ ડીઝાઈન એન્ડ ડેવલપમેન્ટ, ગ્રાફિક ડીઝાઈન, ડેટા એન્ટ્રી ઓપરેટર જેવા કોર્ષોના પ્રમાણ–પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્યઅતિથિ તરીકે WIRC of ICAI, સુરત બ્રાંચના પ્રેસીડન્ટ શ્રી મિહિર ઠક્કર, અતિથિવિશેષ તરીકે વી.એન.એસ.જી.યુ.ના પ્લેસમેન્ટ સેલ તથા D.B.I.M.ના પ્લેસમેન્ટ ઓફિસરશ્રી ડી.બી.પુરોહિત અને વનિતા વિશ્રામના ચેરમેન ડૉ.પી.કે.દેસાઈએ હાજરી આપી વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શ્રી મિહિર ઠક્કરે વિદ્યાર્થિનીઓને કારકિર્દી પ્રત્યે જાગૃત થવા પ્રોત્સાહિત કર્યા હતા અને શ્રી ડી.બી.પુરોહિતે આ કોર્સો કર્યા પછી માર્કેટમાં ઉપલબ્ધ જોબની તકો વિષે માહિતી આપી હતી. લગભગ ૨૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો અપાયા હતા તથા કોલેજની બે પૂર્વ વિદ્યાર્થિનીઓએ એમની ઉજવળ કારકિર્દી ઘડવામાં આ કોર્સો કેવી રીતે ઉપયોગી રહ્યા હતા એ વિષય પર એમના અનુભવ પ્રગટ કર્યા હતા. આ ઉપરાંત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે અને વનિતા વિશ્રામ, સુરત એડમીનીસ્ટ્રેટીવ કમિટીના સભ્યોએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરિયર ગાઈડન્સ સેલનાં ચેરપર્સન પ્રા. નંદા બોથરાએ કર્યું હતું.




## નવા મોટર વ્હીકલ એકટ તથા ટ્રાફિક રૂલ્સ અવેરનેસ પ્રોગ્રામ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ, શ્રી બ્રિજેશકુમાર વર્મા (District Road Safety Co-ordinator & Trainer) દ્વારા "નવા મોટર વ્હીકલ એકટ તથા ટ્રાફિક રૂલ્સ અવેરનેસ" પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે શ્રી બ્રિજેશકુમાર વર્માએ પોતાના જ્ઞાન અને બહોળી સમજનો લાભ કોલેજની લગભગ ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોને પૂરો પાડયો હતો. મુખ્ય વકતાએ પોતાના વકતવ્યમાં વાહન વ્યવહાર અને ટ્રાફિકને લગતું સામાન્ય જ્ઞાન, અકસ્માત જેવી ગંભીર સમસ્યા નિવારવાના વિકલ્પો, ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી થતા લાભો, સરળ કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિ દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવાની પ્રક્રિયા તેમજ mParivahan અને DigiLocker Application વિષે ઓડિયો–વિઝ્યુઅલ કિલપ્સ દ્વારા વિદ્યાર્થિનીઓને ઊંડી સમજ પૂરી પાડી હતી.

તદ્દપરાંત એમને આજ પછી ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે પ્રતિબધ્ધ રહેવા આહવાન કરી પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ અવસરે આચાર્યા શ્રીમતી ડૉ. અભિલાષા અગરવાલે પણ આ પ્રકારના સેમીનારનો વિદ્યાર્થી જીવનમાં મહત્વ સમજાવી, શ્રી બ્રિજેશકુમાર વર્માનો આભાર માની સૌને સુખમય અને સુરક્ષિત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં સુરત ટ્રાફિક પોલીસ રીજીયન ૩ના ચાર અધિકારીશ્રીઓ પણ હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથરાએ કર્યું હતું.



## ખેલ મહાકુંભ અંતર્ગત ટેકવોન્ડો સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ સ્વર્ણ પદક

ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત રાજય કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધા પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, અઠવાલાયન્સ, સુરત ખાતે તા. ૧૯/૧૧/૨૦૧૯ના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત રાજયના વિવિધ જીલ્લાની બહેનોએ વિવિધ વેઈટ કેટેગરીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સની એફ.વાય.બી.બી.એ.માં અભ્યાસ કરતી કુ. રાજવી માસ્ટરએ ૬૮ કિગ્રા વેઈટ કેટેગરી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સ્વર્ણ પદક અને રૂા. ૫૦૦૦ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.

કોલેજ અને સુરત શહેરનું ગૌરવ વધારવા બદલ કુ. રાજવી માસ્ટરને મેનેજમેન્ટના સભ્યો, આચાર્યા ડૉ.અભિલાષા અગ્રવાલ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરા તથા સમગ્ર સ્ટાફના સભ્યોએ અભિનંદન પાઠવ્યાં હતાં.




## ઈમોશનલ ઈન્ટેલીજન્સ : વર્કશોપ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં વિમેન્સ સેલ અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ "ઈમોશનલ ઈન્ટેલીજન્સ" વિષય પર વિદ્યાર્થિનીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેન્નાઈ સ્થિત બુદ્ધિ વર્લ્ડના ફાઉન્ડર અને ડાયરેક્ટર શ્રી મનીષ ગુપ્તાએ વિદ્યાર્થિનીઓને પોતાની તો ખરીજ પણ બીજાની પણ લાગણીઓને પારખવાની ક્ષમતા અને તેમની વિચારસરણી અને વર્તનને સંતુલિત કરવા માટે દ્રષ્ટાંત સહ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થિનીઓને પરિસ્થિતિઓને અનુરૂપ ગુસ્સાને કાબુ કરવાના ઉપાયો બતાવ્યા હતા. તેમણે વિદ્યાર્થિનીઓને જીવનને સફળ બનાવવા માટે જીવનમાં થયેલી ભૂલોથી નાસી પાસ ન થતા સકારત્મક રીતે આગળ વધતા રહેવા સમજાવ્યું હતું. એમણે વિદ્યાર્થિનીઓને કહ્યું કે, જીવનમાં સતત પ્રયત્નો કરતા રહેવાથી સફળતા આપોઆપ મળે છે.

વર્કશોપમાં ૧૩૧ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને ત્યારબાદ વ્યકિતગત પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓએ શ્રી મનીષ ગુપ્તા સાથે ચર્ચા કરી વિવિધ પ્રશ્નો દ્વારા પોતાની મુંઝવણોનો નિકાલ કરી સંતોષ માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિમેન્સ સેલના કો–ઓર્ડિનેટર ડૉ. હીના દલાલે કર્યુ. હતું. પ્રોગ્રામના અંતે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે સુંદર માહિતી પૂરી પાડવા બદલ શ્રી મનીષ ગુપ્તાનો આભાર વ્યકત કર્યો હતો.



## ચાઈલ્ડ એબ્યુસ અને સેકશુઅલ હેરેસમેન્ટ : વર્કશોપ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં વિમેન્સ સેલ અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ "ચાઈલ્ડ એબ્યુસ અને સેકસુઅલ હેરેસમેન્ટ" વિષય પર વિદ્યાર્થિનીઓ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેન્નાઈ સ્થિત બુદ્ધિ વર્લ્ડના ફાઉન્ડર અને ડાયરેકટર શ્રી મનીષ ગુપ્તાએ બાળકો, યુવાન છોકરીઓ અને મહિલાઓ સાથે થતા જાતીય શોષણ વિષે જાગૃત થવા વિસ્તૃત સમજ આપી હતી. સેકશુઅલ હેરેસમેન્ટ એક કાનૂની અપરાધ છે જેને રોકવું શૈક્ષણિક

સંસ્થાઓ, મીડિયા, કાયદા, સમાજ, માતા–પિતા અને વિદ્યાર્થીઓની પણ જવાબદારી છે. તેમણે વિદ્યાર્થિનીઓને આ પ્રકારના કૃત્યોનો શરમથી નહી પણ આત્મવિશ્વાસપૂર્વક સામનો કરવા પ્રેર્યા હતા. આ સેમિનારનો ઉદ્દેશ જાતીય સતામણી અને તેનાથી આત્મરક્ષણ મેળવવા વિદ્યાર્થિનીઓને શિક્ષિત અને જાગૃત કરવાનો હતો. તેમણે વિદ્યાર્થિનીઓને આત્મરક્ષણ માટે ઘણી ઉપયોગી માહિતીઓ આપી હતી. વકતાઓ વ્યકિતગત રીતે તેમની સમસ્યાઓને સાંભળીને ચર્ચા કરી અને તેના સંતોષપૂર્ણ જવાબો વિદ્યાર્થીઓને આપ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સમયની માંગને જોતા આ પ્રકારના સેમિનાર વધુ ને વધુ થાય અને વિદ્યાર્થિનીઓ સ્વરક્ષા માટે માત્ર સજાગ જ નહી પણ સક્ષમ પણ બની રહે એ આશયથી આ સેમિનારનું અયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન્ટી સેકશુઅલ કમિટીના સેક્રેટરી ડૉ. હીના દલાલે કર્યુ. હતું. પ્રોગ્રામના અંતે આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે સુંદર માહિતી પૂરી પાડવા બદલ શ્રી મનીષ ગુપ્તાનો આભાર વ્યકત કર્યો હતો.








## મહિલા સ્વસુરક્ષા તાલીમ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ સુરત ઈસ્સકા હોમ્બુના ઓર્ગેનાઈઝિંગ ડૉ. અલી ટી. ચંદાભાઈ દ્વારા ૬ દિવસના મહિલા સ્વસુરક્ષા તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનો લગભગ ૮૫ જેટલી વિદ્યાર્થિનીઓ લાભ લઈ રહી છે. ટ્રેનર્સ સ્વબચાવ તથા સ્વરક્ષાની રોજબરોજના જીવનમાં ઉપયોગી નીવડે એવી તાલીમ આપી રહ્યા છે સાથે વિદ્યાર્થિનીઓને નડતા સામાજિક પ્રશ્નો તથા હેરાનગતિના બનાવો વિશે પણ માહિતગાર કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૫ વર્ષથી આ પ્રકારના વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધી કોલેજની ૫૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થિનીઓએ આ તાલીમનો લાભ લઈ ચુકી છે. સમયની માંગને જોતા વિદ્યાર્થિનીઓ સ્વરક્ષા માટે માત્ર સજાગ જ નહી પણ સક્ષમ પણ બની રહે એ આશયથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વર્કશોપનું સંચાલન ડૉ. હિના દલાલ અને પ્રા.નંદા બોથ્રાએ કર્યું હતું.

## થેલેસેમિયા ચેકઅપ કેમ્પ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં, સુરત એન.એસ.એસ.યુનિટ અંતર્ગત રકતદાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે પ્રિ. ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ માટે "સિકલ સેલ અને થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું" આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત રકતદાન કેન્દ્રના સભ્યો દ્વારા વિદ્યાર્થિનીઓના લોહીના નમૂના થેલેસેમીયાના પરીક્ષણ માટે લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં થેલેસેમિયા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો કે જેથી વર્તમાન પેઢી તેમજ આવનાર પેઢી થેલેસેમિયાના રોગ અંગેની ગંભીરતા જાણી શકે અને ભવિષ્યમાં તે ન થાય તે અંગે જરૂરી પગલા લઈ શકે. આ કાર્યક્રમનો લાભ આશરે ૩૨૯ વિદ્યાર્થિનીઓએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નંદા બોથ્રા એ કર્યુ હતું.



## પીએચ.ડી.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતના ઈકોનોમિક્સ વિભાગના પ્રોફેસર અને હેડ હિના દલાલે રજૂ કરેલ મહાશોધ નિબંધ "An Analytical Study of the Skill Gap in the Weaving and Processing Fragment of the Textile Industry in Surat"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી ઈકોનોમિક્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સના પ્રોફેસર અને હેડ ડૉ. શ્રીનિવાસ રાવના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. પીએચ.ડી.ના ડિગ્રી મેળવવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, મેનેજમેન્ટ તથા સ્ટાફના સભ્યોએ હર્ષની લાગણી અનુભવી છે.



વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતના એકાઉન્ટન્સી વિષયના અધ્યાપિકા ક્રિષ્ના દેસાઈએ રજૂ કરેલ મહાશોધ નિબંધ "A Study for Corporate Social Accounting and Disclosure Practices in Public Enterprises in India"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને કોમર્સ/ એકાઉન્ટન્સીના વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ ઉધના સિટીઝન કોમર્સ કોલેજ, સુરતના આચાર્ય ડૉ. મેહુલકુમાર દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. પીએચ.ડી.ના ડિગ્રી મેળવવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલ, મેનેજમેન્ટ તથા સ્ટાફના સભ્યોએ હર્ષની લાગણી અનુભવી છે.

## India's Economy Past, Present and Future: Seminar

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં સપ્તધારાના જ્ઞાનધારા અંતર્ગત આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ વલ્લભ વિદ્યાનગર, આણંદ સ્થિત એસ.પી.યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે India's Economy Past, Present and Future વિષય પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વકતાશ્રીએ કહ્યું કે આઝાદી બાદ ભારતની માથાદીઠ આવક પાંચ ગણી વધી છે. આ જોતા ભારત સમૃદ્ર રાષ્ટ્ર તરફ પ્રયાણ કરી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન આવેલી તેજી પાછળના મુખ્ય પરિબળોમાં મોટા પાયે માળખાગત વિકાસ અને જાહેર સુવિધાઓમાં ઉત્તરોત્તર સુધારાઓ થયા છે. વધુમાં તેમણે જણાવ્યું કે તાજેતરના અંદાજ મુજબ, દેશ ૨૦૨૦ પછી ઈતિહાસનું અનુકરણ કરશે તથા ૨૦૪૮ સુધીમાં તેના વિકાસ લક્ષ્યોને પૂર્ણ કરીને આત્યંતિક ગરીબીનો અંત લાવવાના માર્ગ પર હશે અને ભારતીય અર્થવ્યવસ્થા પ્રત્યાગમન કરશે. આ ઉપરાંત તેમણે જી.ડી.પી. ગ્રોથ અને ભારતની દરેક ક્ષેત્રમાં થતી પ્રગતિનું વિશ્લેષણ દર્શાવ્યું હતું. એમણે ઉદ્દ્બોધનમાં રાજકીય ઈતિહાસ, આર્થિક વિકાસ અને મૂડી રોકાણના સંબંધની વિસ્તૃત ચર્ચા કરી હતી. એમણે એ પણ કહ્યું કે ભારતની હાલની પરિસ્થિતિ અને ભવિષ્યનો વિકાસ સામાજિક અને રાજકીય રીતે એકજુટ થઈને થશે અને ઈતિહાસ ભારતની આર્થિક પ્રણાલીનું તેજીપૂર્વક પુનરાવર્તન કરશે.

આ સેમીનારમાં ત્રીજા વર્ષ બી.કોમ.ની ૩૦૦ વિદ્યાર્થિનીઓ અને કોલેજના સ્ટાફે લાભ લીધો હતો. આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલે વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ ડૉ.હરીશ પાઢનો આભાર વ્યકત કર્યો હતો.




## સ્ટેટેસ્ટીકલ ટુલ્સ–કાઈ સ્કવેર એન્ડ ફેકટર એનેલાઈસીસ યુસિંગ એસ પી એસ એસ: નેશનલ લેવલ વર્કશોપ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત દ્વારા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ, આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ "સ્ટેટેસ્ટીકલ ટુલ્સ–કાઈ સ્કવેર એન્ડ ફેકટર એનેલાઈસીસ યુસિંગ એસ પી એસ એસ" વિષય પર નેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર ડૉ.રમેશચન્દ્ર કોઠારી કી–નોટ સ્પીકર તરીકે અને નરસી મનજી ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી પ્રશાંત બારસિંગ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભાવેશ વાનપરીયા રિસોર્સ પરસન્સ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રમેશચન્દ્ર કોઠારી સાહેબે કી–નોટ સ્પીકર તરીકે 'કવોલીટી ઓફ રિસર્ચ ઈન હાયર એજયુકેશન'વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી પ્રશાંત બારસિંગ અને પ્રોફેસર ડૉ. ભાવેશ વાનપરીયાએ

પાર્ટીસીપન્ટસને ફેકટર એનાલીસીસ અને કાઈ સ્કવેર જેવા સ્ટેટેસ્ટીકલ ટુલ્સનો સંશોધનમાં કેવી રીતે ઉપયોગ કરવો તેનું પ્રશિક્ષણ આપ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય હેતુ કેસ સ્ટડીઝ દ્વારા સ્ટેટેસ્ટીકલ ટુલ્સનો વ્યવહારિક જ્ઞાન આપવાનો હતો.

આ વર્કશોપમાં દેશના જુદા જુદા રાજયની ૩૫ કોલેજોમાંથી ૭૮ જેટલા આચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.






## મિસ વનિતા વિશ્રામ : સ્પર્ધા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ કોલેજના સ્ટુડન્ટસ કાઉન્સીલ દ્વારા સંસ્થાના શીવગોરી હોલમાં "મિસ વનિતા વિશ્રામ" કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ટેસ્ટમાં ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ સાડી પહેરીને ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં રેમ્પવોક, પરિચય તથા પ્રશ્નોત્તરી રાઉન્ડસને આધારે એફ.વાય.બી.કોમ.ની કુ. ઝૈનબ નવીવાલા "મિસ વનિતા વિશ્રામ", એફ.વાય.બી.બી.એ.ની કુ.પ્રિયા સાવલિયા પ્રથમ રનર્સઅપ તથા ટી.વાય.બી.કોમની કુ. નાઝનીન શેખ દ્વિતીય રનર્સઅપ જાહેર થયા હતા. આ ઉપરાંત બેસ્ટ એટાયર, બેસ્ટ એકિટંગ અને બેસ્ટ સ્માઈલ જેવી વિવિધ કેટેગરીમાં પણ ઈનામો અપાયા હતા. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થિનીઓને સાડી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું સુંદર પ્રતિક છે તે સમજાવવાનો હતો. આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલે તેમના ઉદબોધનમાં વિદ્યાર્થિનીઓને જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ ફેશન અને પરંપરા હોવા છતાં ભારતે સાડીની ઓળખ અકબંધ રાખી છે અને સાડીમાં ભારતીય નારી આત્મવિશ્વાસ અનુભવે છે.

આચાર્યા ડૉ.અભિલાષા અગરવાલ તથા સમગ્ર સ્ટાફ મેમ્બર્સે વિદ્યાર્થિનીઓને ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો તે માટે અભિનંદન પાઠવ્યા હતા.




## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### હસ્તલિખિત અંકનું વિમોચન અને પ્રેરક પ્રવચન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે તા. ૧૪/૧૨/૨૦૧૯ શનિવારના રોજ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયકના પુસ્તકોના પ્રતિભાવ કાર્યક્રમ અને હસ્તલિખિત અંકના વિમોચનનો કાર્યક્રમ ડૉ. દિનુભાઈ નાયકના અધ્યક્ષપણા હેઠળ યોજાયો. કાર્યક્રમની શુભ શરૂઆત દૈનિક પ્રર્થનાથી થઈ. આર્ચાયશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમના અધ્યક્ષ અને સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયક અને વકતાશ્રી પદ્મનાભભાઈ પંડયાનો પરિચય અને અર્થપૂર્ણ સ્વાગત કરી કાર્યક્રમ પાછળ રહેલ હેતુને પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ રજૂ કર્યો. "ગાંધીજીના શૈક્ષણિક, ધાર્મિક, આર્થિક વિચારો" પર પ્રશિક્ષણાર્થીઓ દ્વારા તૈયાર થયેલ હસ્તલિખિત અંકોનું વિમોચન અતિથિઓ દ્વારા થયા બાદ હસ્તલિખિત અંક તૈયાર કરાવનાર અધ્યાપકશ્રી ડૉ. ફાલ્ગુનીબેને અંક નિર્માણકાર્યના સ્પંદનો પ્રશિક્ષણાર્થીઓ સાથે વહેંચ્યા શ્રી ડૉ. દિનુભાઈ નાયક લિખિત પુસ્તકો 'શિક્ષણ અમૂલ્ય ખજાનો' અને 'શિક્ષણની સારેગમપધનીસા' પ્રતિભાવો આપતા શ્રી પદ્મનાભભાઈ પંડયાએ કહ્યું કે, ૫૫ વર્ષની અધ્યાપનની યાત્રાના અંતે તૈયાર થયેલ બંને પુસ્તકોમાં શિક્ષણજગતને અને શિક્ષકના સ્વને સમજયા માટેનું માખણ રહેલું છે. શિક્ષકે શ્રેષ્ઠ શિક્ષક બનવા માટ તેને પચાવવું જરૂરી છે શ્રી દિનુભાઈ નાયકે એમના પ્રેરક પ્રવચનમાં સંસ્થાના ઈતિહાસથી શરૂ કરીને દરેક વ્યકિતને પોતાનું ઓજસ હોય છે અને તેના થકી સંસ્થાને પોતાનુ વ્યકિતત્વ મળે છે અને એ માટે દરેકમાં સંસ્થા પ્રતિ સમપર્ણ, ત્યાગ અને કટીબદ્ધતા હોવી જરૂરી છે, એ વાત કરી. તેમણે પ્રશિક્ષણાર્થીઓનું 'શીખવું એટલે શું ? એ વિશે વિવિધ ઉદાહરણો દ્વારા તેનો ગૂઢાર્થ સમજવવાનો પ્રયત્ન કરીને તેનું

જીવનમાં અને ખાસ કરીને શિક્ષણમાં શું મહત્વ છે તેની ચર્ચા સુંદર અને અર્થપૂર્ણ રીતે વિગતે કરી હતી.

ત્યારબાદ આ અર્થપૂર્ણ કાર્યક્રમની સ્મૃતિ અતિથિશ્રીઓમાં અંકબંધ રહે એ હેતુથી આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયક દ્વારા અતિથિશ્રીઓને સ્મૃતિભેટ અર્પણ થઈ. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના અધ્યાપકશ્રી ડૉ. કિરીટભાઈ ચૈહાણે સુંદર શબ્દોમાં કરી. કાર્યક્રમનું અર્થસભર અને સુંદર સંચાલન અધ્યાપિકા ડૉ. નમ્રતાબેન પટેલે કર્યુ હતું.



## ગુજરાતી ભાષાના શિક્ષકો માટે સાપુતારામાં યોજાયેલી ત્રિદિવસીય રિસોર્સ પર્સન તાલીમ

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત સી.ટી.ઈ. શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા, એસ.ટી.ટી.આઈ. –ગાંધીનગર તથા ડાયેટ–વઘઈના સંયુકત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય રિસોર્સ પર્સન તાલીમ બાયટ, સાપુતારાના સુરમ્ય, નયનગમ્ય વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ.

સમગ્ર ગુજરાતમાંથી પસંદ થયેલા પાંસઠ જેટલા ઉ.મા. વિભાગના શિક્ષકો આર.પી. તરીકેની તાલીમ માટે તા. ૧૯/૧૨/૨૦૧૯ના રોજ સાંજ સુધીમાં સાપુતારા ખાતે ઉપસ્થિત થઈ ગયા હતા. પ્રથમ રાત્રીસભામાં જ સૌનો પરિચય અને કાર્યક્રમના ઉમદા ઉદ્દેશ વિશે કોર્સ ડાયરેકટરશ્રી ડૉ.કિશોરભાઈ નાયકે ઉચિત પૂર્વભૂમિકા બાંધી ઉચ્ચતર માધ્યમિક કક્ષાના શિક્ષણકાર્યમાં આવી રહેલા નવીન અભિગમના પ્રવાહમાં જોડવા માટેની તાલીમ બાબતે સુંદર ભાવાવરણ સર્જ્યુ હતું.

તા. ૨૦/૧૨/૨૦૧૯ને શુક્રવારે વઘઈ ડાયેટના પ્રાચાર્યશ્રી રાઉતના વરદહસ્તે ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ હતી. વિષય તજજ્ઞ તરીકે અમદાવાદથી ડૉ. રમેશભાઈ ઓઝા, ડૉ.પિંકીબેન પંડયા અને આણંદથી ડૉ.રમેશભાઈ પંડયા – કે જેઓ મોડયૂલ રચનામાં વિષય સલાહકાર તરીકે પણ આ જ્ઞાનયજ્ઞમાં જોડાયા હતા તે બધાએ મળી ધોરણ૧૨ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકની કૃતિઓ વર્ગખંડમાં કઈ રીતે રસપ્રદ બને અને વિદ્યાર્થીઓ ઉત્સાહથી શિક્ષણકાર્યમાં સહભાગી બને તેની વિશદ ચર્ચા કરી હતી. એકમ સર્જકનો પરિચય અને તત્કાલીન પરિસ્થિતિ, ગુજરાતી બોલીઓ, સફળ અધ્યાપન માટેની પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ, શબ્દવિષય સજ્જતા, વાકયવિષયક સજ્જતા, એકમ શીખવવા માટેના ઉદેશો, સાહિત્ય સ્વરૂપો, એકમનો કેન્દ્રસ્થ સુર, પ્રવર્તમાન પરિસ્થિતિ સાથેનો અનુબંધ, એકમમાં ઉજાગરા થતાં મૂલ્યો, કાવ્યપઠન અને ગાન જેવા વિવિધ મુદ્દાઓનો સમાવેશ કરી તાલીમી શિક્ષકોને આર.પી. બનવા માટે વધુ સક્ષમ બનાવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન બાયસેગ પરથી જી.સી.ઈ.આર.ટી.ના ડાયરેકટરશ્રી જોશીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સૌને શુભેચ્છા અને આશિષ પાઠવી હતી તથા ડૉ. યોગેન્દ્રભાઈ વ્યાસે એક કાવ્યનું રસદર્શન અને રસાસ્વાદનો ઉત્તમ નમૂનો ભાવવાહી, સરળ, પ્રવાહી શૈલીમાં રજુ કરીને સૌને રસતરબોળ કર્યા હતા. ડૉ. કિશોરભાઈ નાયકના સવારે ૬–૩૦થી યોગ પ્રાણાયમથી શરૂ થતી સવાર, દિવસ દરમ્યાનના વકતવ્યો પછી રાત્રી સભામાં જૂથકાર્ય, ચર્ચા, પ્રશ્નોતરી, ગીત–સંગીત, પ્રાર્થના અને કાવ્યગાનની રજૂઆતો સાથે અગિયારેક વાગ્યા સુધી કાર્યમગ્ન બનીને શિબિરાર્થીઓ અને આયોજકોએ પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

સમગ્ર આયોજનમાં આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયક, ડૉ. રમેશ પંડયા, ડૉ. કલ્પેશભાઈ ટંડેલ (કોર્સ કોર્ડિનેટર) અને ડાયેટના પ્રાધ્યાપક શ્રી કલ્પેશભાઈ પટેલે રાત–દિવસ જોયા વિના કાર્યશિબિરને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપી સૌને પ્રેરણા આપી હતી. ડાયેટ વઘઈના પ્રાચાર્યશ્રી રાઉતે અને એસ.ટી.ટી.આઈ.ના પવારે તાલીમ દરમ્યાન ઉપસ્થિત રહી સૌને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર તાલીમની શિસ્ત, સમયપાલન, કુશળ આયોજન, પ્રતિબદ્ધતા, તજજ્ઞોનો અભિગમ, નકકર પરિણામ માટેની પ્રામાણિક મથામણ માટે સહુએ કોર્સ ડાયરેકટર અને તજજ્ઞોની ટીમના સન્નિષ્ઠ પ્રયાસોને સહુએ મોકળા મને બિરદાવ્યા હતા.



## વિવિધ સ્પર્ધાઓ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે સપ્તધારા હેઠળ રંગકલા કૌશલ્યધારા અંતર્ગત તા. ૨૭/૧૨/૨૦૧૯ને ગુરૂવારના રોજ કલે મોડલીંગ, કાર્ટૂનિંગ, કોલાજ મેકિંગ, ચિત્રકામ, રંગોળી, મોબાઈલ કવર ડેકોરેશન જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી. આ વિવિધ

સ્પર્ધાઓમાં એફ.વાય.બી.એડ્.ના સૌ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનામાં છુપાયેલી શક્તિઓને ઉજાગર કરી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના કલાનિષ્ઠ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે સેવા આપી સૌ તાલીમાર્થીઓની સર્જનાત્મક સહભાગિતાને બિરદાવી હતી. ભાવિ શિક્ષક તરીકે તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ કરતી આવી સ્પર્ધાઓમાં સૌ પ્રાધ્યાપકોનો સરસ સહકાર પ્રાપ્ત થયો અને સ્પર્ધા સફળ બની હતી. ડૉ. નમ્રતાબેનના આયોજન પ્રમાણે હાથ ધરાયેલ આ તમામ સ્પર્ધાના વિજેતાઓને સમગ્ર સ્ટાફ અને આચાર્યશ્રીએ અભિનંદન પાઠવ્યાં હતા.



## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા

### વ્યાખ્યાન

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાતના ઉદ્દિશા અને જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે અંગ્રેજી માધ્યમના એફ.વાય.બીકોમ, એસ.વાય.બીકોમ અને ટી.વાય.બીકોમના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી કમલેશકુમારે "ઈકોનોમિક ડેવલોપમેન્ટ અને જી.એસ.ટી." વિષય પર વકતવ્ય રજૂ કર્યુ હતું. જેમાં તેમણે ઈકોનોમિક ડેવલોપમેન્ટ અને જી.એસ.ટી.નો અર્થ, તેની શરૂઆત કેવી રીતે થઈ, તેના ફાયદા કોને કોને અને કેવી રીતે તેમજ ભારતીય અર્થતંત્રમાં તેના ઉપયોગની વિસ્તૃત ચર્ચા કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ તેમને રસપૂર્વક માણ્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. પાર્થભાઈ ઠક્કરે કરી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

૨. એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં મહિલા સમિતિ અને રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્ત્રી સ્વાસ્થ્ય જાગૃતિ અંગે નિષ્ણાંતના વ્યાખ્યાનનું આયોજન થયું હતું. સમાજસેવિકા તર્પણબેન વણકર તથા મારિયાબેન શેખે સ્ત્રીઓને થતા જુદા જુદા રોગો અને તેનાથી કેવી રીતે બચી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. સેનેટરી નેપકીનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે પણ સચોટ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમ ઈનચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સંચાલન મહિલા સમિતિના અધ્યક્ષ સોનલબેન વસાવાએ કર્યુ હતું અને આભારવિધિ યોગીનીબેન મિસ્ત્રીએ કરી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

### સ્પર્ધા

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા બહેનોની યુનિવર્સિટીની ક્રિકેટ ટીમની પસંદગી પ્રક્રિયાનું આયોજન કોલેજના ગ્રાઉન્ડ પર કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના ૪૦થી વધુ ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. યુનિવર્સિટી સિલેકશન કમિટિના સભ્યો, યુનિવર્સિટીના કોચ કેતનભાઈ પટેલ, કેપ્ટન હિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન રાણાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા, ખેલાડી બહેનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી એવો દેખાવ કરવો કે ભવિષ્યમાં મિતાલી રાજ, હરમિત કૌરની જેમ ઈન્ડિયન ટીમમાં તમારું અનોખું સ્થાન હોય એવી શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા સિલેકશન કમિટિના સભ્ય તરીકેની કામગીરી શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા.સોનલબેન વસાવાએ કર્યુ હતું.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે ફિટ ઈન્ડિયા તથા ગુજરાત સરકારની ખેલકૂદ, વ્યાયામ, યોગધારાના ઉપક્રમે તા. ૯–૧૨–૨૦૧૯ થી તા. ૧૪–૧૨–૨૦૧૯ દરમ્યાન ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, ક્રિકેટ તથા રસ્સા ખેંચ જેવી વિવિધ ઈન્ટર ક્લાસીસ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, ક્રિકેટ, રસ્સાખેંચ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યક્રમનું આયોજન પ્રા. સોનલબેન એસ. વસાવાએ કર્યુ હતું. નિર્ણાયક તરીકે પ્રા. સોનલબેન એસ.વસાવાએ મહત્વની ભુમિકા ભજવી હતી. કોલેજના શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

### નેવી દિવસ તથા સ્વચ્છતા સપ્તાહ :ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં નેવી દિવસની તથા સ્વચ્છતા સપ્તાહની ઉજવણી અંતર્ગત કોલેજના ઈનચાર્જ આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણા તથા ૯ ગુજરાત નેવલ

એન.સી.સી. યુનિટ નવસારીના સી.ઓ. કમાન્ડીંગ ઓફિસર વિશાલ નાયર સાહેબના માર્ગદર્શન હેઠળ તથા પી.ઓ. એલ.પી.શાહ, એસ.કે.સિંગના સાથ સહયોગથી કરવામાં આવી હતી. જે અંતર્ગત કોલેજના એન.સી.સી. કેડેટ્સ કોલેજથી શરૂ કરી ગૌહારબાગથી પરત કોલેજ કેમ્પસ સુધી સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા કોલેજમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના આચાર્યા શ્રીમતી વર્ષાબેન ટી. રાણા તથા પ્રા. નરેન્દ્રભાઈ સોલંકી ઉપસ્થિત રહી કેડેટસનો ઉત્સાહ વધાર્યા હતો તથા પોતે આ કામગીરીમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર સોનલબેન વસાવાએ કર્યુ હતું.

## મને ગમતું પુસ્તક : વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૭ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપકે ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.

## સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા (રાણીપુરા)

### તાલીમ

ગુજરાત સરકારશ્રીના ઉચ્ચ શિક્ષણ વિભાગના ઉપક્રમે સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા (રાણીપુરા)માં ચાલુ વર્ષે ડિસેમ્બર–૨૦૧૯ તેમજ જાન્યુઆરી–૨૦૨૦ દરમ્યાન ફિનિશિંગ સ્કૂલ તાલીમ અંતર્ગત અત્રેની કોલેજના SY અને TYBA (ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ઈતિહાસ, અંગ્રેજી)ના વિદ્યાર્થીઓ Like Skill, Employability Skill તેમજ Functional Englishની કુલ ૮૦ કલાક તાલીમ મેળવી પોતાની રોજગાર ક્ષમતામાં વધારો કરશે. વિદ્યાર્થીઓ સ્નાતક પછી રોજગારી ક્ષમતામાં વધારો કરી રોજગારી મેળવી શકે તેવા હેતુથી સેલ્ફ અવેરનેસથી લઈને રીઝ્યુંમ રાઈટિંગ તેમજ ઈન્ટરવ્યૂ સ્કીલ સુધીની તાલીમનો સમાવેશ કરવામાં આવશે. આ તાલીમ માટે ગુજરાત રાજય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ/KCG દ્વારા સર્ટીફાઈડ ટ્રેનર દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવશે. ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન સદર તાલીમનું આયોજન કોલેજ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. નીચેની તસવીરોમાં ગત વર્ષના વિદ્યાર્થીઓ માલૂમ પડે છે.









### નેક : મુલાકાત

સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા (રાણીપુરા) મુકામે તાજેતરમાં નેશનલ અસેસ્મેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સીલ (NAAC) બેગ્લોરદ્વારા નેક પિયર ટીમ દ્વારા મુલાકાત યોજાઈ ગઈ જેમાં ઈન્દીરા ગાંધી નેશનલ ટ્રાઈબલ યુનિવર્સિટી, અમરકંટક–મધ્યપ્રદેશના પુર્વ કુલપતિ અને ચેરમેન પ્રો. (ડૉ.) સી.ડી. સિંગ, મેમ્બર કો–ઓર્ડીનેટર પ્રિ. (ડૉ.) મંજુશ્રી બોબડે આચાર્યા રાયત શિક્ષણ સંસ્થાની શ્રીપાત્રો કદમ મહાવિદ્યાલય, સીરવાલ–મહારાષ્ટ્રની ટીમ મૂલ્યાંકન માટે આવી હતી. તેઓએ કોલેજના છેલ્લા પાંચ વર્ષના પ્રગતિ પરિણામ, માળખાકીય સુવિધા, મહિલા વિકાસ, અધ્યયન–અધ્યાપન પદ્ધતિ, ગ્રંથાલય, ગ્રીનકેમ્પસ, એન.એસ.એસ, સંશોધન, બેસ્ટ પ્રેકિટસ તેમજ સામાજિક સેવાઓ સાથેનું મુલ્યાંકન કર્યુ

હતું. તેઓએ પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સાથે પણ મીટીંગ યોજી હતી. આમ સમગ્ર મુલ્યાંકનમા (NAAC) NATIONAL ASSESSMENT & ACCREDITATION COUNCIL, BANGALURU દ્વારા પ્રથમ સાયકલમાં સરકારી વિનયન કોલેજ, ઝઘડીયાનો સમાવેશ થાય છે. આચાર્યશ્રી ડૉ. જયેશ પૂજારા, નેક કો–ઓર્ડીનેટર ડૉ. વિશાલકુમાર પરમાર તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી એક્રેડિટેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.




## ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત.

### સામાજિક કાર્યોની પ્રવૃત્તિઓ


ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, ભરથાણામાં ૩૧ ડિસેમ્બરના દિને સામાજિક કાર્યોની પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેમાં ચાર ગૃપમાં આયોજન કરવામાં આવ્યું. વિવિધ સંસ્થા જેવી કે, માઢેશ્વરી વૃદ્ધાશ્રમ, પાલની મુલાકાત, દિવ્યાંગ સેવા સંસ્થા પીપલોદ, ઝોનલ ઓબ્ઝવેશન હોમ ઘોડઘોડ રોડ, શ્રી વૃંદાવન રણછોડદાસ પોપાવાલા ચિલ્ડ્રન હોમની મુલાકાત લીધી હતી. ત્યાં વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી. ઈ.ચા.આચાર્યશ્રી અને તમામ અધ્યાપક મિત્રો તેમજ તમામ તાલિમાર્થી મિત્રોએ ઉત્સાહ પૂર્વક પોતાની ભૂમિકા ભજવી હતી.


## શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ.


### ગ્રાહક સુરક્ષા : સ્પર્ધા

શ્રી ભરૂચ જીલ્લા આર્દશ સેવા મંડળ, માંગરોલ સંચાલિત શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરલો તા. નાંદોદ જિ. નર્મદામાં ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતતા પ્રાપ્ત થાય તેવા હેતુથી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા ગ્રામ્યજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ તડવી ભગવતીબેન આર., દ્વિતિય ક્રમે વસાવા સ્નેહાબેન આર. અને તૃતીય ક્રમે વસાવા અંજનાબેન જે.એ પ્રાપ્ત કર્યો હતો. તથા નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ માછી રિન્કુબેન જી., દ્વિતિય ક્રમાંકે વસાવા સ્નેહાબેન આર. અને તૃતિય ક્રમાંકે વસાવા અંજના બેન જે.એ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર તાલીમાર્થીઓએ સંસ્થાનાં મંત્રીશ્રી મહેશભાઈ પટેલ સાહેબ, આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલ તથા કોલેજના અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## કોલેજ પ્રકાશન











વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત.
વાર્ષિક મુખપત્ર
સાર્વજનિકમ્
૨૦૧૭-૨૦૧૮
* પ્રકાશક *
પ્રિ. ડૉ. એમ. એસ. પાડવી
* મેગેઝીન સમિતિ *
* અધ્યક્ષ *
પ્રા. અંજનાબેન મહેતા
* સહઅધ્યક્ષ *
પ્રા.સી.બી.ધંધુકિયા — પ્રા. એચ. ટી. દેસાઈ
પ્રા.ડૉ.બિન્દુબેન — પ્રા. ડૉ. આર.એમ.ત્રિવેદી
ડૉ. ચૈતન્ય જે. દેસાઈ
જવાહરલાલ નહેરુ માર્ગ, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧,
ફોન : (ઓ) ૦૨૬૧-૨૨૪૦૦૨૫,૨૬૬૦૨૨૨, ફેક્સ : ૦૨૬૧-૨૨૪૦૦૨૫
E-mail : mtb.arts@rediffmail.com





ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ
એસ.પી.બી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ
શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલિયા કોલેજ ઓફ
બી.સી.એ એન્ડ આઈ.ટી.
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજ)
(ઉધના, સુરત)
મુખપત્ર
ઉજ્જવલ
અંક-૯
શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯
: પ્રકાશક :
ડૉ. મેહુલ પી. દેસાઈ
(આચાર્ય)
ડૉ. ડેઈઝી એસ. થેક્કનાલ (ઉપાચાર્યા, બી.બી.એ.)
ડૉ. મનીષ એમ. કાયસ્થ (ઉપાચાર્ય, બી.સી.એ.)
ઉજ્જવલ — ૧ — ૨૦૧૮-૧૯

## 'દક્ષિણાયન': સરનામું

ડૉ. બી.જે.અંકુયા
તંત્રી, દક્ષિણાયન
યુનિવર્સિટી ગ્રંથાલય
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના-મગદલ્લા રોડ,
સુરત-૩૯૫૦૦૭
E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics
Veer Narmad South Gujarat University
Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian
Veer Narmad South Gujarat University
Surat.

**Published by: Dr. Rajendra B. Patel**
I/c. Registrar
Veer Narmad South Gujarat University
Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant
Veer Narmad South Gujarat University
Surat.

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in
E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com